# માનવતા, સમતા, એકાત્મતા, સાત્ત્વિકતા, શાંતતા આદિ ગુણોની શિક્ષા-દિક્ષા ધર્મ આપે છે



**ધર્મ દર્શન**
બાળકૃષ્ણ વડનેરે

સમાજમાં ધર્મ-અધર્મ, આસ્તિકતા-નાસ્તિકતા, સહિષ્ણુ-અસહિષ્ણુ, મારું-તારું એના પર વાદ-વિવાદ, ચર્ચાઓ ચાલે છે અને વિખવાદો-સમસ્યા ઊભી થાય છે. મતભેદ-મનભેદનું વાતાવરણ સર્જે છે અને સંબંધોમાં તિરાડ પડે છે. શક્તિ અને ભક્તિમાં યુદ્ધ થવા લાગે છે. વિવેક-સંયમ અને સમજદારી કુંઠિત બને છે. બુદ્ધિશાળી કે નાયક વ્યક્તિ મર્યાદા ઓળંગે છે અને યુદ્ધ માતમ બને છે અને નરસંહારની ગતિ વધે છે. શાંતિના બદલામાં ઝોળીમાં અશાંતિ પડે છે. વાણીયુદ્ધ લડાઈમાં પરિવર્તિત થાય છે. વિવાદ વિફરે છે અને શાંતિ, સૌખ્ય ભસ્મસાત થાય છે. આ સ્થિતિ ધર્મ અને ભગવાનને દુર્લક્ષિત કરે છે. કોઈ ભગવાન નથીનો અવાજ ગુંજે છે. વિજ્ઞાનથી મોટું કોઈ નથી એ વાત પણ માનવામાં આવે તો પણ વિજ્ઞાનનું જ્ઞાન આપનારો મોટો જ્ઞાની કોઈ હશે જ ને?

જીવો અને જીવન સાથે પરસ્પર પ્રેમ, લાગણી એકત્વ, મમત્વ, કૃતજ્ઞતા, પ્રામાણિકતા જે સમજે, જાણે, અનુભવે તે સમજદાર માણસ જ શાંતિને શોધી શકે છે અને આ શાંતિનું, સમજદારીનું ગુહ્ય જ્ઞાન ધર્મ જ આપે છે. જ્યાં સદ્ગુણોનો સંગ્રહ છે, સદવિચારોનું સરોવર છે, પરોપકારનો ભંડાર છે. દયા અને ક્ષમાની દૃષ્ટિ છે, સમર્પણની ભાવના છે. જીવોને સમાવી લેવાની ક્ષમતા છે ત્યાં ધર્મ ઊભો હોય છે. માનવતા ધર્મનો મર્મ છે. માનવતામાં ઊંચનીચ ભાવ હોતો નથી, રૂપ-રંગનો ભેદભાવ નથી - ધર્મ સત્કર્મ પર આધારિત છે, ગુણગ્રાહક અને જ્ઞાનચાહક છે. માણસાઈનો પ્રશંસક છે. જીવો અને જીવવા દોનો સંયોજક છે. માનવવાદી તથ્યને જ પ્રજ્ઞા સંજ્ઞા છે. પ્રજ્ઞા એટલે બુદ્ધિ, જ્ઞાન, તેજસ્વિતા, જીવ અને જીવન તરફ જોનારી દયાવાન વૃત્તિ. જે અદ્ભુત ચમત્કારી મહા પ્રજ્ઞાશક્તિ. તેને જ સમજદાર, જ્ઞાની વિદ્વાન પુરુષ ઈશ્વરીય શક્તિ સમજે છે જે ઈશ્વરાધીન છે અને ધર્મ પુરસ્કૃત છે. ધર્મ એટલે બ્રહ્માંડનું નિર્માણ કરનારી અદશ્ય બળવાન શક્તિનો સાચાં કારણો સહિત પરિચય આપનારી અમૃત વાણી. દૈવી શક્તિનો ઈતિહાસ સમજાવનારો અમર લેખ. વેદો, પુરાણો, ઉપનિષદ, શાસ્ત્રો અને જ્ઞાનગ્રંથો ધર્મનાં જ અવયવો છે. જે ફક્ત માનવ જીવનના ઉદ્ધાર માટેની ક્રિયા પ્રસ્તુત કરે છે. માનવે જ બગાડેલ સ્તુત્ય સ્થિતિને સતવૃત્તિમાં લાવનારી શિક્ષા અને દિક્ષાને પ્રગટ કરે છે. ધર્મનાં નામો ભલે અલગ અલગ છે પણ કર્મના સિદ્ધાંતો અને મૂળ લક્ષ્ય એક જ છે એટલે ધર્મના નામે લડવું અજ્ઞાનતા છે. ધર્મનો અધૂરો અભ્યાસ છે એટલે સાત્ત્વિકતા નિષ્ફળ બને છે. ધર્મનો ઊંડો અભ્યાસી જ સાત્ત્વિકતાને સમજી શકે છે. વેદવ્યાસકૃત ભાગવત, અઢાર પુરાણો અને ઉપપુરાણો અને અન્ય ધાર્મિક સાહિત્યગ્રંથનો એકમાત્ર ઉદ્દેશ્ય સામાજિક સમસ્યાનો ઉકેલ કેમ લાવવો એ બ ા બ તે ચિકિત્સા કરે છે. ભૂતકાળમાં કરેલ ભૂલો ફરી ન કરવી, પાપનું પુનરાવર્તન ન થાય, બુદ્ધિમાં વિકૃતિ ન આવે, સ્વાર્થથી કર્મો ન કરીએ અને સર્વને સરખું સમાધાન મળતું રહે આ ધર્મ આધારિત પુરાણ પ્રજ્ઞા લોકમાનસને ઉત્તમ ઉત્કૃષ્ટતા તરફ દોરી જવામાં સમર્થ છે અને સામાજિક તથા ભૌતિક વિકાસ સાથે ઉર્ધ્વગમન, ઉન્નતિ, અભ્યુદય માટે વેદગ્રંથો સાથે ઋષિમુનિઓની પરંપરા કથાઓ સમાજ માટે અતિ ઉપયોગી છે, જે ધર્મ વ્યવસ્થામાં હળીમળીને ચાલે છે. વિશ્વમાં આર્યવ્રત હિન્દુસ્તાન ભારતવર્ષનું નામ અગ્રેસર છે. ભારતના સંસ્કાર, સંસ્કૃતિ, આધ્યાત્મવાદી વિચારધારા જીવનમાર્ગનું તત્ત્વદર્શન, નીતિમત્તા, જીવન નિયમાવલી શ્રેષ્ઠ અને જીવન ઉદ્ધારક છે. આ દેશનો ગુણધર્મ લોકોપયુક્ત છે. લોકજીવન ઉપકારક છે. કારણ અહીંના વેદો, ભગવદ ગીતા, રામાયણ અને તત્ત્વજ્ઞાન ઋષિ મહર્ષિઓએ જાણ્યું, માણ્યું તેથી જ તે ગ્રંથરૂપે અવતર્યું છે અને ધર્મરૂપે પ્રકાશિત થયું છે. ધર્મ એટલે શિસ્ત, ધર્મ એટલે નિયમો, ધર્મ એટલે માનવતા. તેથી ધર્મ અલંકૃત સાહિત્યનું વાંચન જરૂરી છે. ધર્મમાં હિંસાને સ્થાન નથી. નર-અને નારી એ બે જ જાતિ છે. કર્મ અને વર્ણ પ્રમાણે જાતિઓ બોલાય છે પણ માનવજાત એક અને એક સરખી છે એમાં ભેદાભેદને સ્થાન નથી.ધર્મ મનુષ્યને સમાનતા શીખવાડે છે, ત્યાગી બનાવે છે. સ્વયં- સિદ્ધ અને સ્વાવલંબી, સત્કર્મી બનાવે છે. બધા જ એકધર્મી છે. ફક્ત અયોગ્ય, ચાલચલન, વાણીવર્તનમાં હિંસાનો ઉપયોગ, નિંદા, સ્વાર્થ, મત્સર અને દ્વેષથી માણસ અધર્મી બને છે. સુવિચાર અને સુસંસ્કારથી માણસ સુવર્ણ જેવો કિંમતી બને છે. એટલે ધર્માભ્યાસ જરૂરી છે.

> **ધર્મ એટલે શિસ્ત, ધર્મ એટલે નિયમો, ધર્મ એટલે માનવતા. તેથી ધર્મ અલંકૃત સાહિત્યનું વાંચન જરૂરી છે. ધર્મમાં હિંસાને સ્થાન નથી. માનવજાત એક અને એક સરખી છે એમાં ભેદાભેદને સ્થાન નથી**

# પરાજયથી પૂર્ણતા



**પંચામૃત**
નીલાક્ષી પરીખ

મિત્રો, જીવન વિવિધરંગી વાનગીથી સભર છે. એમાં સુખ-દુઃખ, સંપત્તિ-વિપત્તિ, જય-પરાજય–આ પરિસ્થિતિઓ જીવનની પૂર્ણતા માટે જરૂરી છે. સંયોગ-વિયોગ બંનેનો અનુભવ જીવનને ઘડે છે. ખાટો-મીઠો-કડવો-તૂરો દરેક સ્વાદનો આસ્વાદ માણીએ છીએ તેમ દરેક પરિસ્થિતિનો આનંદ પણ લેવો રહ્યો. જેણે કેવળ વિજય અનુભવ્યો છે, પરાજયની જેને ખબર નથી એ પણ જીવનને પૂર્ણપણે માણી શકતો નથી. તેવી જ રીતે જેણે પ્રશંસા જ સાંભળી છે, નિંદાનો અનુભવ નથી, તે પણ જીવનની પૂર્ણતાથી અજાણ રહી જાય છે. એટલે ભગવાન પણ અવતાર લઈને માનવરૂપ ધરીને આવે છે. રામ-કૃષ્ણ બનીને આવે ત્યારે આ બંને પાસાની અનુભૂતિ કરીને પૂર્ણત્વને પામે છે. પેલું ભજન યાદ આવે છે– 'સુખ-દુઃખ તો આવે સંસારમાં, ત્યારે શું કરવાનું? ભાવ ધરી ભજવા ભગવાન, સુખ-દુઃખ તો આવે સંસારમાં.

દેવોને દુઃખ પડે, માનવ શું કામ રડે?
ભાગ્યમાં લખેલું હોય તે સૌએ ભોગવવું પડે.
રામ-સીતા પામ્યા વનવાસ... સુખ-દુઃખ...'

રામ અને કૃષ્ણ બનીને આવે ત્યારે પ્રભુની પ્રશંસા તો થઈ છે, પણ સાથે નિંદા પણ થઈ છે. જે પ્રશંસારૂપી કમાણી કરે તેણે ટીકારૂપી ટેક્સ ચૂકવવો જ પડે છે, કેમ? જીવનને એની સમગ્રતામાં સ્વીકારવા માટે આ આવશ્યક છે.

સંપત્તિની જેટલી જરૂર છે એટલી વિપત્તિની પણ જરૂર છે. સતત સ્તુતિ છે તો નિંદા પણ જરૂરી છે. હંમેશાં સફળતા કે જય મળે એની સાથે થોડી નિષ્ફળતાનો સ્વાદ પણ ચાખવો જોઈએ, જેથી અભિમાન માથે ન ચઢી જાય, જે જીત્યા છે એને ભગવાને સારા માટે જીતાડ્યા છે તો જે હાર્યા છે એને પણ ભગવાને સારા માટે જ હરાવ્યા છે. એમાં ભરોસો હારી ન જાય તે ધ્યાન રાખવાનું છે.

'જે હરિ કરશે એ મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહીં,
હું હરિનો, હરિ મમ રક્ષક, એ ભરોસો જાય નહીં.'

જીવનમાં સ્તુતિની જેટલી જરૂર છે એટલી જ નિંદાની પણ છે. રામની ટીકા કરનારો પણ છે. એક નીકળ્યો ને અયોધ્યામાં! જેણે કારણે રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો. કૃષ્ણની નિંદા કરનાર તો અનેક નીકળ્યા. કૃષ્ણનું ચરિત્ર સંઘર્ષમયી છે, પણ કૃષ્ણના આટલા વિરોધી ન હોત તો કૃષ્ણ અત્યારે આપણને એટલા વહાલા ન લાગતા હોત! કૃષ્ણ એના ભક્તોને કારણે નથી ખીલ્યા, એટલા એના વિરોધીઓને કારણે ખીલ્યા છે. આપણા વિરોધીઓ આપણને ખીલવતા હોય છે. આપણા જીવનપુષ્પને વિકસિત કરવા માટે વિરોધીઓ પણ એટલું જ કામ કરે છે.

નથી જ તો કબીરજી કહે છે ને કે–

'નિંદક નિયરે રાખિયે, આંગન કુટિ છવાય,
બિન પાણી, બિન સાબુન, નિર્મલ કરે સુભાય.'

નિંદકને તો સમીપ રાખવો જોઈશે, જે વગર પાણી, વગર સાબુએ આપણો સ્વભાવ સુધારી દે. ખાલી ખાતર અને પાણી જ ન ચાલે, નીંદણ પણ જોઈએ. પુષ્પને વિકસિત થવા માટે તાપની પણ આવશ્યકતા છે.

વિરોધીઓથી તો અદ્ભુત ખીલ્યા છે–કૃષ્ણ. શિશુપાલ નિંદા કરતો હોય ત્યારે સુદર્શન ચક્ર છોડીને શિશુપાલનું મસ્તક કાપનારા કૃષ્ણ, વિષ્ટિ માટે જાય અને દુર્યોધન અપમાન કરે ત્યારે વિરાટ રૂપ દેખાડનારા કૃષ્ણ, રુક્મિણીનું હરણ કરવા જાય ત્યારે લડતા ખુમારીવાળા કૃષ્ણ દેખાય છે. બધા જ સમાજમાં તમને સ્વીકારે એવું થવાનું નથી, તમારા વિરોધી પણ નીકળશે જ. ભગવાને જગતને દ્વન્દ્વવાળું બનાવ્યું છે. જીવનને સમગ્રતાથી માણવા બંનેની જરૂર છે, તેથી જગત દ્વન્દ્વમય છે.

આખા રામાયણમાં જે કોઈક હાર્યો જ ન હોય, પરાજિત થયો ન હોય એવું એક જ પાત્ર છેઃ હનુમાનજી પણ યુદ્ધમાં મૂર્છિત થઈ જાય છે. કુંભકર્ણના મુષ્ટિક પ્રહારથી આમ થાય છે. પણ આખા રામાયણમાં એક વાર પણ ક્યારેય યોદ્ધા તરીકે પરાજિત થયો ન હોય એવો એક જ યોદ્ધો છે રામજીના સૈન્યમાં અને એનું નામ છે–જાંબુવંત.

આખા 'રામચરિતમાનસ'નો અભ્યાસ કરી લો, જાંબુવંતનો ક્યારેય પરાજય થતો નથી. મેઘનાદ કંઈક યોદ્ધાઓને મારે છે, જાંબુવંત એની સામે લડવા જાય છે. જાંબુવંતના પડકારને ડરીને સટકે છે. મેઘનાદ કહે છે–'અરે, ઓ બુઢ્ઢા! તને વૃદ્ધ સમજીને હું લડતો ન હતો. અને તું મને લલકારે?'

જાંબુવંત કહે–'ભલે હું વૃદ્ધ હોઉં, પણ તારા માટે યુવાન છું. આવી જા.' અને યુદ્ધમાં જાંબુવંત પરાજિત થતા નથી. જાંબુવંતના જીવનમાં વિજય, વિજય અને વિજય જ હશે! આ માણસ જીવનને એની પૂર્ણતામાં નહીં અનુભવી શકે. એટલે કે જાંબુવંતને ભગવાને દ્વાપરમાં શ્રીકૃષ્ણ બનીને હરાવ્યા.

આ જાંબુવંત સતયુગમાં પણ છે, કારણ કે વામન જ્યારે બલિરાજાને ત્યાં ત્રણ ડગલાં પૃથ્વી માંગવા ગયા અને વામનમાંથી વિરાટ થયા ત્યારે જાંબુવંતે બે ઘડીમાં સાત પરિક્રમા કરી વિરાટ નારાયણની, વામનની નહીં. આવા પરાક્રમી, ત્રેતાયુગમાં રામજીના સૈન્યમાં છે, કે ક્યારેય પરાજય પામ્યા નહોતા. ભગવાનને થયું–આના જીવનમાં કંઈ પરાજયની જરૂર છે, બીજા કોઈ પરાજિત કરી શકે એમ નથી, તેથી ભગવાને જાતે જ જાંબુવંતને દ્વાપરમાં પરાજિત કર્યા. વિજય જરૂરી છે તેમ પરાજય પણ જરૂરી છે. જો જીવનમાં પરાજય, નિષ્ફળતા આવે તો નિરાશ નહીં થવાનું, એને પણ ભગવાનની પ્રસાદી માનીને સ્વીકારવાનો કે–હું જીવનને પૂર્ણપણે અનુભવી શકું એ માટે જ ભગવાને પરાજય મોકલ્યો છે. સંપત્તિનો તો મેં અનુભવ કર્યો, પણ વિપત્તિનો જો હું અનુભવ ન કરું તો મારું જીવન પૂર્ણ નહીં બને. ભગવાનમાં ભરોસો રાખીએ, ભગવાન જે કરે છે તે આપણાં હિત માટે જ કરે છે એ સમજતાં-સમજતાં જીવનયાત્રાને એવી રીતે પસાર કરીએ કે આપણું જવું-નિર્ગમન એ અસાધારણ બને. આપણે ભલે જઈએ, આપણી યાદ ચિરંજીવ રહે એટલે દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરીએ અને પરાજયથી પૂર્ણતાને પ્રાપ્ત કરીએ.

– પૂજ્ય રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે.

> **હંમેશાં સફળતા કે જય મળે એની સાથે થોડી નિષ્ફળતાનો સ્વાદ પણ ચાખવો જોઈએ, જેથી અભિમાન માથે ન ચઢી જાય, જે જીત્યા છે એને ભગવાને સારા માટે જીતાડ્યા છે તો જે હાર્યા છે એને પણ ભગવાને સારા માટે જ હરાવ્યા છે**